# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૭૩ તા.૦૯/૧૦/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૨/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી આર.કે.કોલ્ડ સ્ટોરેજ ગામ – સોંદરડા

સબડીવીઝન: કેશોદ રૂરલ-૨

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી કેશોદ

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: શનિવાર (૧૯.૦૯.૨૦૨૦)

### :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ કેશોદ રૂરલ-૨ પેટા વિભાગીય કચેરી હેઠળ એલટીએમડી દબાણનું વીજ જોડાણ ગ્રાહક નં ૮૪૨૩૨/૦૧૭૯૦/૯ આર.કે.કોલ્ડ સ્ટોરેજ, ગામ- સોંદરડા ધરાવે છે. આ સાથે જોડેલ ગુજરાત સરકાર શ્રી ના ગેઝેટ તારીખ. ૦૭/૦૫/૨૦ મુજબ અમારા કનેક્શન માં ૧૦ % ED વસૂલવા પાત્ર થાય છે. પરંતુ અમારા બિલમાં ૨૦ % લેખે ED વસૂલ કરવામાં આવે છે. આથી ગુજરાત સરકાર શ્રી ના ગેઝેટ તારીખ. ૦૭/૦૫/૨૦ મુજબ ED વસૂલ કરવા અમારી નમ્ર અરજ છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અત્રેની કચેરી હેઠળના કેશોદ (ગ્રામ્ય-૨) પેટા વિભાગીય કચેરી હેઠળના સોંદરડા ગામે ગ્રા.નં.૮૪૨૩૨૦૧૭૯૦/૯, LTMD, ૧૦૦ કિ.વો.નું કોલ્ડ સ્ટોરેજનું વિજ કનેક્શન ધરાવતા આર.કે.કોલ્ડ સ્ટોરેજ દ્વારા તા..૧૮.૦૮.૨૦૨૦ ના રોજ થયેલી લેખિત રજુઆત મુજબ તેમના ઉપરોક્ત વિજ કનેક્શનમાં વીજકર બાબતે રજૂઆત કરાયેલ જેમાં (૧) સરકારી ગેઝેટ મુજબ તેમના ઉપરોક્ત વિજ કનેક્શનની ઈ.ડી. તા.૦૧.૦૪.૨૦૨૦ ની અસર થી ૨૦% ને બદલે ૧૦% વાસુલાવી જોઈએ. (૨) ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ-૨૦૧૩ ના અનુંસંધાને કોલ્ડ સ્ટોરેજમાં તા.૦૧.૦૪.૨૦૧૩ ની અસર થી ૨૦% ઈ.ડી.લેવાવી જોઈએ જે કંપની દ્વારા ૨૫% વાસુલાયેલ છે. તેથી ડીસે-૧૭ થી જાન્યુ-૨૦ સુધી આ બિલો રીવાઈઝ કરવા.

૨.૧ ઉપરોક્ત બંને બાબતો પૈકી ના નિરાકરણ માટે ઈ.ડી. માટેનો કોમ્બીનેશન કોડ સિસ્ટમમાં યોગ્ય ન અપાયેલ હોઈ તે સિસ્ટમમાં યોગ્ય કરી અપાતા હવે ૧૦% ઈ.ડી. લેવાશે. વળી એપ્રિલ-૨૦ થી જુન-૨૦ સુધીના બીલોમાં વાસુલાયેલ ૨૦% ઈ.ડી. માટે જરૂરી જમા એડજસ્ટમેન્ટ ટ્રાન્ઝેક્શન આઈ.ડી.૨૭૬૨૧૨૫૮ થી તા.૧૪.૦૯.૨૦ ના અપાયેલ છે. માટે વિદ્યુત શુલ્ક સમાહર્તા, ગાંધીનગર સમક્ષ દરખાસ્ત પાઠવતા તેમના પત્ર નં.જી/જહર-દર/કોલ્ડ સ્ટોરેજ/જુનાગઢ/૧૫૦૭૪, તા.૨૫.૦૬.૨૦૧૯ મુજબ ઉપરોક્ત વિજ કનેક્શનમાં તા.૨૯.૦૧.૨૦૧૯ થી ઈ.ડી. ૨૫% થી ૨૦% કરી આપી તે સમયગાળા માટે વાસુલાયેલ વધારાની ૫% ઈ.ડી. પણ ઉપરોક્ત ટ્રાન્ઝેક્શન આઈ.ડી.થી જમા આપી દીધેલ છે.

૨.૨ આથી ઉપરોક્ત બાબતે ગ્રાહકને વાકેફ કરાતા ગ્રાહક દ્વારા તેમની ફરિયાદનું સંતોષકારક નિરાકારણ થયેલ હોય આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તા.૧૫.૦૯.૨૦૨૦ ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની કેશોદ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ કેશોદ કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૧૫.૦૯.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |